વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 134 | વર્ષ : 13 | જાન્યુઆરી : 2025 | પેઈઝ : 35

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# સુમતીદેવ



બહું સમય પહેલાની આ વાત છે. એક રાજય હતું. એ રાજયનું નામ હતું ઉદયગઢ. આ રાજયના રાજા શોર્યવીરસિંહજીના રાજમાં ઉદયગઢની પ્રજા ખૂબ સુખી અને સંતોષકારક જીવન જીવતી હતી. શોર્યવીરસિંહજીના દરબારમાં ઘણા મંત્રીઓ હતા. પણ સહુથી વધુ બુદ્ધિશાળી અને વિવેક વિનય સંપન્ન મંત્રી હતા સુમતિદેવ. જે હંમેશા રાજાજીના ખાસ રહેતા રાજયનો કોઈપણ નિર્ણય એમની મંત્રણા વગર ન લેવાતો. સુમતિદેવ હતા પણ એવા. પોતાની શ્રેષ્ઠ બુદ્ધિથી હંમેશા રાજાજીને યોગ્ય દિશા બતાવતા. પ્રજાની સુખાકારી અને ન્યાયનું હંમેશા ધ્યાન રાખતા. સતાનો સદુપયોગ એમનો જીવનમંત્ર હતો. સ્વાભાવિક રીતે બીજા મંત્રીગણને સુમતિદેવની ઈર્ષ્યા થતી પણ એક મંત્રી હતા જેમને સુમતિદેવ આંખના કણાની જેમ ખૂંચતા એ મંત્રી એટલે ઉગ્રદત. ઉગ્રદત સુમતિદેવને રાજા સમક્ષ નીચા પાડવાનો એક પણ મોકો ન છોડતા.


એક દિવસ રાજાજી શોર્યવીરસિંહજીને નગરચર્યા પર જવાનું મન થયું એમણે મંત્રી સુમતિદેવ અને ઉગ્રદતને પણ સાથે આવવા કહ્યું. તેઓ રાજયની બજારમાં સહુને મળતા મળતા આગળ વધતા હતા. ત્યાં એમણે અત્યંત દારૂણ ગરીબીમાં જીવન જીવતાં બે વ્યકિત મળ્યા. રાજાજીએ સુમતિદેવ અને ઉગ્રદત બન્નેને એક એક ગરીબ વ્યકિતને કંઈક દાન આપવા કહ્યું. સુમતિદેવ તરત પોતાના માણસો મોકલી એક લાકડાની હાથલારી મંગાવી અને એક ગરીબને દાન આપી. ઉગ્રદતને તરત વિચાર આવ્યો કે આટલું નાનું દાન. હું મોટું દાન આપી રાજાજી સામે આ સુમતિદેવ કરતા શ્રેષ્ઠ સાબિત થઈશ. તરત જ ઉગ્રદતે બીજા ગરીબને પાંચસો સોનામહોર દાનમાં આપી દીધી. રાજા આ બધું જોઈ રહ્યાં, એમણે સુમતિદેવને કહ્યું તમે આ રાજયના મહામંત્રી છો અને બીજા મંત્રીઓ કરતા ખૂબ વધુ ધનિક છો છતાં તમારા કરતા ઉગ્રદતનું દાન વધુ કેમ ? ઉગ્રદત મનોમન ખૂબ ખુશ થઈ ગયા. સુમતિદેવ રાજાને કહ્યું કે રાજાજી જો તમે મારું આટલુ માન રાખો તો હું આ વાતનો જવાબ એક સપ્તાહ પછી આપવાનું પસંદ કરીશ. રાજાજી એ વાત માન્ય રાખી અને સહુ પરત રાજમહેલ પધાર્યા.

જોત જોતામાં સાત દિવસ પસાર થઈ ગયા. ઉગ્રદતે ભરેલી સભામાં રાજાજીને દાન વાળી વાત યાદ કરાવી. રાજાજીએ સુમતિદેવ પાસે જવાબ માંગ્યો. સુમતિદેવે રાજાજીને કહ્યું કે હે નામદાર બે સિપાહી મોકલવામાં આવે અને બન્ને ગરીબ વ્યકિતઓ જેમને અમે દાન આપ્યું હતું એમની ખબર પુછાવવામાં આવે. રાજાજીનો હુકમ થયો એટલે સિપાહીઓ ખબર મેળવી લાવ્યા. સુમતિદેવ સિપાહીઓને શું જાણ્યું એ દરબાર સમક્ષ રજૂ કરવા કહ્યું. સિપાહીઓએ કહ્યું કે જે ગરીબને હાથલારી આપવામાં આવી હતી એ ગરીબ માણસ. મહેનતથી પોતાનું જીવન પસાર કરવા લાગ્યો છે. લોકોને સામાન શાકભાજી વગેરે લઈ આવવા કે લઈ જવામાં મદદ કરે છે અને એ આવકમાંથી પોતાનું જીવન ગુજારે છે. પરંતુ જે ગરીબ વ્યકિતને સોનામહોરો દાનમાં મળી હતી એ વ્યકિતએ તો આટલું ધન પહેલી વાર પોતાના જીવનમાં જોયુંન હતું એટલે એણે તો મોજશોખ પાછળ ધન વેળફી નાખ્યું, મદિરાપાન અને વધુ ધનની લાલચે જુગાર પણ રમ્યો પછી હતો ત્યાં ને ત્યાંજ પહોંચી ગયો. રાજા શોર્યવીરસિંહજી અને સહુ દરબારીઓ આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યા.

સુમતિદેવે રાજાજીને કહ્યું બોલો નેક નામદાર અમારા બંન્નેમાંથી કોનું દાન ઉચું હતું ? પોતાની યોગ્યતાથી વધુ અને મહેનત વગર મળેલું ધન હંમેશા વિનાશ જ નોતરે છે. માણસ લાયકાતથી વધુ ધન પચાવી શકતો નથી. જો એ ધન મહેનતથી કમાયેલું હોય તો અને તો જ એ સુખ સંતોષ આપી શકે. કોઈ પ્રયત્ન કે મહેનત વગર આવી પડેલું ધન વ્યકિતને દુઃખ જ આપે છે. રાજાજીએ મંત્રી સુમતિદેવની વાત સ્વીકારી અને એમની આટલી ઊંચી દષ્ટિની પ્રશંસા કરી. બીજી બાજુ ઉગ્રદત શરમથી મોઢું નીચું રાખી બધું જોઈ રહ્યાં.

# સૂર્યની અગનજવાળા શું છે ?





સૂર્યની કલ્પના અને ચિત્રોમાં વર્તુળાકારની ફરતી જવાળાઓ જોવા મળે. સૂર્યના કેતુમાંથી વછૂટતી ઉર્જા પ્રકાશ અને ગરમી સ્વરૂપે સપાટી પરથી બ્રહ્માંડમાં ફેંકાય છે. સૂર્યની સપાટી પર કયારેક અગ્નિની જવાળા નીકળી હોય તેવું દ્રશ્ય સર્જાય છે. તેને સોલાર ફલેર કહે છે. આ જવાળામાં અબજો ટન પાર્ટિકલ્સ કે ઝીણાં રજકણો હોય છે તે દર સેકંડે ૧૦૦૦ કિલોમીટરની ઝડપે બહાર ફેંકાય છે. સાથે સાથે એકસ–રે સહિતના વિવિધ રેડિયેશન પણ ફેલાય છે. સૂર્યની સપાટી પર દેખાતા સનસ્પોટ કે સૂર્યકલંક ઓછા તાપમાનવાળા વિસ્તારો છે. આ વિસ્તારોના તાપમાનમાં નિયમિત વધઘટ થાય છે તેને સનસ્પોટ સાયકલ કહે છે. આ સાયકલની શરૂઆતમાં સપાટી પર અચાનક જવાળા પેદા થાય છે જે થોડી મિનિટો ચાલીને શાંત થઈ જાય છે. આ જવાળાઓ સૌથી વધુ તાપમાન ધરાવે છે.

સોલાર ફલેરમાંથી પેદા થતાં વીજભારવાળા રજકણો કયારેક પૃથ્વીના મેગ્નેટિક ફિલ્ડમાં પ્રવેશે ત્યારે સેટેલાઈટ કોમ્યુનિકેશન અને અવકાશયાત્રીઓ માટે જોખમ ઊભું થાય છે તેની અસર ધ્રુવ પ્રદેશો પર થાય છે. આવી ઘટનાઓ જવલ્લે જ બને છે. ૨૦૦૩માં ઓકટોબરમાં સોલાર ફલેરના પાર્ટિકલ્સ પૃથ્વી પર ત્રાટકેલાં ત્યારે સ્વીડનમાં વીજળી ગુલ થઈ અંધારપટ છવાયો હતો અનેક ફલાઈટ ડાયવર્ટ કરાઈ હતી. હબલ સ્પેસ ટેલિસ્કોપને સેફ મોડમાં મૂકવામાં આવ્યુ હતું.

# મોબાઈલ વિશે અવનવું





- સ્માર્ટફોનની રચના વિવિધ બે લાખ કરતાંય વધુ શોધખોળોના સમન્વયથી થઈ છે.
- મોબાઈલ ફોન સૌથી વધુ વેચાતું અને ઉપયોગમાં લેવાતું ઈલેક્ટ્રોનિક્સ સાધન છે.
- જાપાનમાં ૯૦ ટકા મોબાઈલ ફોન વોટરપ્રૂફ હોય છે. ત્યાંના લોકો બાથરૂમમાંય મોબાઈલનો ઉપયોગ કરે છે.
- મોબાઈલ ફોન ઉપર સૌથી વધુ બેક્ટેરિયા હોય છે.
- મોબાઈલ ફોનનો ટ્રાફિક વેબટ્રાફિકનો ૨૭ ટકા ભાગ રોકે છે.
- આધુનિક મોબાઈલ ફોન નાસાએ ચંદ્ર ઉપર મોકલેલા પ્રથમ એપોલો યાનના કમ્પ્યુટર કરતાં વધુ ક્ષમતા ધરાવે છે.
- મોબાઈલ ફોન ગુમ થાય કે બગડી જાય તો લોકોને ગુસ્સો અને રોષ ચડે છે. આ સ્થિતિને 'નોમોફોબિયા' કહે છે.






દરિયાના પાણીમાં ક્ષાર હોય છે. કેટલાક સ્થળે દરિયાકિનારે જમીન પર દરિયાનું પાણી સૂકવીને મીઠું મેળવવામાં આવે છે. આવા વિસ્તારને અગર કહે છે. રાજસ્થાનમાં આવેલું સાંભર લેક પણ સૌથી વધુ મીઠું પકવતું ખારા પાણીનું સરોવર છે. ૫૭૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું આ સરોવર ૯ થી ૧૦ ફુટ ઊંડું છે. આ તળાવમાં હજારો વર્ષથી મીઠું પકવવા માટે ખાસ ડેમ બાંધવામાં આવ્યો છે. ડેમમાંથી સમયાંતરે પાણી છોડીને બીજી તરફ આવેલા અગરમાં આપવામાં આવે છે. આ તળાવમાંથી વર્ષે લગભગ ૧૯૬૦૦ ટન મીઠું મેળવવામાં આવે છે. ઈ.સ.૧૮૮૪ માં અહીં થયેલ ખોદકામમાં બોદ્ધ સ્તૂપ, પ્રાચીન સિકકા અને કેટલાક શિલ્પો મળી આવ્યા હતા.

મહાભારતમાં આવતી યયાતી અને દેવયાનીની લગ્નની વાત આ સ્થળ સાથે સંકળાયેલ છે. સાંભર તળાવ નજીક દેવયાનીનું પ્રાચીન મંદિર આવેલું છે. તળાવની નજીક સાંભર લેક ટાઉન આવેલું છે. આ ગામમાં કેટલાક ઉત્સવો અને મેળા જાણીતા છે.

## રંગોના વૈવિધ્યનું વિજ્ઞાન

સૃષ્ટિ રંગબેરંગી છે. પૃથ્વી પર અનાદિકાળથી રંગબેરંગી વનસ્પતિ, ફૂલો, પશુપક્ષીઓ અને પતંગિયા અસ્તિત્વમાં છે. પુરાણકાળમાં માણસ આ બધા રંગો જોઈ શકતો હતો અને માણી શકતો હતો. પરંતુ રંગ શું છે અને તે ક્યાંથી આવે છે તેનું જ્ઞાન નહોતું.





ભારતમાં ઈ.સ.પૂર્વે ૧૫મી સદીમાં રચાયેલા શ્રુતિગ્રંથોમાં રંગ વિશેની માહિતી જોવા મળે છે. સૂર્યદેવ સફેદ રંગના સાત ઘોડાના રથમાં ગતિ કરતા હોવાનું વર્ણન છે.

રંગોના વિજ્ઞાનની સૌ પ્રથમ જાણ રોજર બેકન નામના વિજ્ઞાનીને થઈ. પાણી ભરેલા કાચના ગ્લાસમાં સૂર્યપ્રકાશથી પેદા થતા વિવિધ રંગ જોયા પછી તેણે તે અંગે સંશોધનો કર્યા. ૧૭મી દીમાં ન્યૂટને ત્રિપાર્શ્વ કાચમાંથી સૂર્યના કિરણો પસાર કરી જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ એમ વર્ણપટની શોધ કરી. તેને સ્પેકટ્રમ નામ આપ્યુ. ત્યારબાદ પ્રકાશના કિરણની વિવિધ તરંગ લંબાઈને કારણે આપણી આંખને વિવિધ રંગ દેખાય છે તેવી શોધ થઈ. અંગ્રેજીમાં વાયોલેટ, બ્લ્યૂ, સાયન, ગ્રીન, યલો, ઓરેન્જ અને રેડ રંગોના નામ નથી પરંતુ ગ્રીક સંસ્કૃતિના સંગીતના પ્રાચીન નોટેશન છે. ન્યૂટને આ નોટેશનને પસંદ કરીને રંગોના નામ આપ્યા.

કેટલીક સપાટીએ કેટલાક રંગોનું શોષણ કરી માત્ર એક જ રંગને રિફ્લેકટ કરે છે એટલે તે વસ્તુ તે રંગની દેખાય છે. જાણીને નવાઈ લાગશે પરંતુ મોરપીંછ પતંગિયાની પાંખમાં રંગ હોતા જ નથી માત્ર કોશોની ગોઠવણી એવી હોય છે કે તે સૂર્યપ્રકાશના ચોકકસ રંગના કિરણોનું જ રિફ્લેકશન કરી તે રંગના દેખાય છે.

## બ્લડપ્રેશર એટલે શું ?

આપણા શરીરમાં ધમની, શિરા અને રકતવાહિનીઓ દ્વારા સતત ફરતું લોહી શરીરમાં શકિત પહોંચાડે છે. લોહીને શરીરમાં ફરતું રાખવા હૃદય સતત પંપની જેમ ધબકારા મારીને લોહીને ધકેલે છે. હૃદયના ધબકારાને કારણે લોહી રકતવાહિનીની દિવાલ પર દબાણ પણ કરે છે. હૃદયના ધબકારાના પ્રમાણમાં આ દબાણમાં વધઘટ થાય છે. આ દબાણને બ્લડપ્રેશર કહે છે. લોહીમાં કોલેસ્ટ્રોલના કણો બાઝી જાય, ધમનીની દિવાલ બરડ બને ત્યારે લોહીને આગળ વધવામાં તકલીફ પડે છે. અને દિવાલ પર દબાણ વધી જાય છે. આ સ્થિતિને હાઈબ્લડપ્રેશર કહે છે અને તે હાનિકારક છે.




હૃદયસંબંધી તકલીફોના નિદાન માટે ડોકટર દર્દીઓનું બ્લડપ્રેશર સૌ પ્રથમ તપાસે છે. બ્લડપ્રેશરના બે તબકકા છે. લોહી હૃદયમાં પ્રવેશે ત્યારે પેદા થતા દબાણને ડાયસ્ટોલિક દબાણ કહે છે. સિસ્ટોલિક દબાણ ૦.૨૭ સેકન્ડ અને ડાયસ્ટોલિક દબાણ ૦.૫૩ સેકન્ડ રહે છે. વચ્ચેના સમયે હૃદય વિશ્રામ લે છે. સતત ધબકતુ હૃદય દર ૦.૮ સેકન્ડે થોડો આરામ કરી લે છે. બ્લડપ્રેશર માપવાના સાધનથી ડોકટર આ બંને દબાણની નાડીના ધબકારા સાથે સરખામણી કરી કોઈ અનિયમિતતા છે કે કેમ તેની તપાસ કરે છે.

# અજાયબ વનસ્પતિ : વાંસ





વિશ્વની સૌથી વધુ ઝડપથી વિકાસ પામતી વનસ્પતિ વાંસ છે. જે એક દિવસમાં ૩ ફૂટ જેટલા વધે છે.

વનસ્પતિ શાસ્ત્રીઓએ ઘાસની ૬ હજાર જાત શોધી કાઢી છે. આપણા ઘઉં, મકાઈ, બાજરીના છોડ વગેરે પણ એક પ્રકારના ઘાસ જ છે.

વાંસના મૂળ જમીનમાં એકબીજા સાથે સમાંતર જોડાયેલા હોય છે.

વાંસ અંદરથી પોલી નળી જેવો હોય છે. તેમાં રહેલી હવાને કારણે મજબૂત હોય છે.

સૂકા વાંસ ઉપર ભેજની સૌથી ઓછી અસર થાય છે. પ્રાચીનકાળથી વહાણો અને તરાપા બનાવવામાં વાંસ વપરાય છે.

અમુક જાતના વાંસને ફૂલો આવવામાં ૧૦૦ વર્ષ પણ લાગી જાય છે.

વાંસમાંથી હજારો જાતની ઉપયોગી ચીજો બને છે. કાગળ બનાવવા માટે વાંસનો જ વધુ ઉપયોગ થાય છે.

વીજળીના ગોળાના શોધક એડિસને પ્રથમ બલ્બમાં વાંસની ફિલામેન્ટનો ઉપયોગ કર્યો હતો.

ચીન અને જાપાનના વાંસના બહુ હેતુક ઉપયોગો છે. તેમાંથી મકાનથી માંડીને ફર્નીચર અને વાસણો બનાવાય છે.

આસામ અને બંગાળના અન્ય પ્રદેશોમાં વાંસનો ખોરાક તરીકે ઉપયોગ થાય છે. વાંસની કૂપળો શાકભાજીની જેમ વપરાય છે.

## રસોઈમાં વપરાતા બ્રાન્ડેડ મીઠા / salt અને બજારૂ અન્ય મીઠા વચ્ચે સ્વાસ્થ્ય દષ્ટિએ શો ફરક છે ?

આપણે ત્યાં જુદી જુદી છએક બ્રાન્ડનું મીઠું વેચાય છે. મહત્વ બ્રાન્ડનું નથી. મીઠાની ગુણવત્તાનું છે, જેના સંદર્ભે ત્રણ વર્ગોમાં તેને વહેંચી શકાય છે.



### Table salt

આ મીઠું કુદરતી મીઠાને પુષ્કળ તાપમાન આપીને તૈયાર કરાય છે. ગરમીને લીધે અમુક પોષકદાયક તત્વો નાશ પામે છે. કયારેક તેને વધુ રિફાઈનિંગ માટે bleach પણ કરાય છે, એટલે નૈસર્ગિક ગુણવત્તા પૂરેપૂરી જળવાતી નથી.



### Sea salt

દરિયાના પાણીનું અગરમાં બાષ્પીભવન થાય ત્યારે બનતા મીઠાને સોલ્ટ જેટલું રિફાઈન કરવામાં આવતું નથી. (બારીક કણદાર તેમજ 'આખું' બરછટ એમ બે જાતનું મીઠું અગરિયાઓને પ્રાપ્ત થાય છે.) વર્ષો પહેલાં સમુદ્રજળ નિર્મળ રહેતું, પણ આજે તેમાં microplastic જેવાં પ્રદૂષકો ભળેલા હોય છે, પ્રાપ્ત થતા મીઠામાં કયારેક (માત્ર કયારેક) તે હોય, છતાં Table salt કરતાં Sea salt સારું છે.




### Himalayan salt

હિમાલય પર્વતમાળાનું સર્જન થયું તે પહેલા ત્યાં સમુદ્ર હતો. સમુદ્રએ અસ્તિત્વ ગુમાવ્યુ, પણ સમુદ્રજળના અવશેષ તરીકે મીઠું બાકી રહ્યું. આ મીઠું તેમાં રહેલા લોહતત્ત્વને લીધે ગુલાબી રંગનું હોય છે. બીજાં પણ ડઝનબંધ ખનિજ તત્ત્વો એ મીઠામાં છે, માટે Table salt અને Sea salt કરતાં તેને ચડિયાતું લેખી શકીએ.

**વિજ્ઞાનીઓ સાઈબિરિયન મેમથ હાથી, પેસેન્જર કબૂતર, તાસ્માનિયન ટાઈગર, ડોડો પક્ષી વગેરે નામશેષ થયેલાં પ્રાણી–પક્ષીઓને પુનર્જીવિતનો મનસૂબો સેવે છે. આમા સફળતા મળવાનો ચાન્સ કેટલો ?**






એકંદરે શૂન્ય જ સમજો. દસકાઓ, સદીઓ કે હજારો લાખો વર્ષ પહેલાં લુપ્ત બની ચૂકેલા પ્રાણીને કે પક્ષીને નવજીવન બક્ષવું વૈજ્ઞાનિક રીતે નામુમકીન હોવાનાં ઘણાં કારણો છે. નવસર્જન માટે પ્રથમ તો એવા પ્રાણીના કે પક્ષીના DNA જોઈએ, કેમ કે 'જીવનની કિતાબ' DNA છે. ૧૯૯૩ દરમ્યાન રિલીઝ થયેલી Jurassic Park ફિલ્મે અનેક લોકોના મનમાં ઠસાવ્યું કે ડાયનોસોરને ફરી ધરતી પર હરતા ફરતા કરી શકાય છે. આ વાર્તાના લેખક માઈકલ ક્રાઈટને સહેજે જચી જાય એવો તર્ક રજૂ કર્યો. એક મચ્છરે જુરાસિક કાલખંડ દરમ્યાન કોઈ ડાયનોસોરને કરડી તેનું લોહી પીધેલું અને લોહી પચે તે પહેલાં એ મચ્છર વૃક્ષના ગુંદરમાં કેદ બન્યો. વિજ્ઞાનીએ તે મચ્છરના લોહીમાં રહેલા DNA તારવી ડાયનોસોરનું સર્જન કર્યું.

આ નર્યો તરંગ છે. વિજ્ઞાન તેમાં અંશભાર નથી. પહેલી વાત એ કે લોહીના રકતકણોમાં DNA હોતા નથી. શ્વેતકણોમાં હોય, પણ શ્વેતકણોની આવરદા ૨૦ દિવસ કરતાં વધારે નથી. વળી DNA પોતે ફકત ૫૨૧ વર્ષનું અર્ધાયું / half-life ધરાવે છે, એટલે કે ૫૨૧ વર્ષમાં તેની હેસિયત અડધી થાય છે. આ ગણતરીએ ૬૮ લાખ વર્ષ પછી તો DNAનું અસ્તિત્વ જ રહે નહિ, જયારે ડાયનોસોર આજથી ૨૨.૫ કરોડ થી ૬.૫ કરોડ વર્ષ પહેલાંના કાલખંડમાં જીવતા હતા.

બીજી મહત્વની વાત : નામશેષ થયેલા પ્રાણીના કે પક્ષીના અમુક DNA મળી આવે તે પૂરતું નથી. પરિપૂર્ણ શરીરના ઘડતર માટે પૂરેપૂરી જિનેટિક બ્લૂપ્રિન્ટ હાથ લાગવી જોઈએ.

ત્રીજી મહત્વની વાત : ધારો કે સંપૂર્ણ બ્લૂપ્રિન્ટ મળી, તો તેના મુજબ બચ્ચાને જન્મ આપવા માટે એ જ પ્રજાતિની અથવા તો તેની જોડે આનુવંશિક રીતે સુસંગત માદા જોઈએ નામશેષ પ્રાણીને / પક્ષીને ત્યાર પછીયે 'સજીવન' કરી શકવાની સંભાવના એકંદરે તો શૂન્ય જ રહે છે.

સૌથી મહત્વની વાત : માનવજાતના વાંકે દર વર્ષે છ–આઠ સજીવો સમૂળગું નિકંદન પામતા હોય ત્યારે મરેલાને જીવતા કરવા મથવું તેનો અર્થ ખરો ?

# પ્રધાનમંત્રીને ગુયાનાના "ધી ઓર્ડર ઓફ એક્સેલન્સ" થી સન્માનિત કરવામાં આવ્યા

કો-ઓપરેટિવ રિપબ્લિક ઓફ ગુયાનાના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ ઈરફાન અલીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેમના દૂરદર્શી રાજનીતિજ્ઞતા, વૈશ્વિક મંચ પર વિકાસશીલ દેશોના અધિકારોની રક્ષા કરવા, વૈશ્વિક સમુદાય માટે અસાધારણ સેવા અને ભારત-ગુયાના સંબંધોને મજબૂત કરવાની તેમની પ્રતિબદ્ધતા માટે ગુયાનાનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર "ધી ઓર્ડર ઓફ એક્સેલન્સ"થી સન્માનિત કરવામાં આવ્યા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુયાનાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત થનાર ચોથા વિદેશી નેતા છે.

20 નવેમ્બર,2024ના રોજ જ્યોર્જટાઉન, ગયાનામાં આયોજિત 2જી ઈન્ડિયા-કેરીકોમ સમિટની બેઠકમાં આ એવોર્ડ એનાયત કર્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી 16 થી 21 નવેમ્બર 2024 દરમિયાન નાઇજીરિયા, બ્રાઝિલ અને ગયાનાના તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં 19 નવેમ્બર 2024ના રોજ જ્યોર્જટાઉન, ગયાના પહોંચ્યા હતા.

**ગુયાનાની મુલાકાતે ગયેલા ભારતીય**

ડૉ. મનમોહન સિંહ ઑક્ટોબર 2007માં નાઇજિરિયાની મુલાકાતે ગયા હતા.

તેઓ નાઈજિરિયાની મુલાકાત લેનારા ચોથા ભારતીય વડા પ્રધાન છે- જવાહરલાલ નહેરુ (1962), અટલ બિહારી વાજપેયી (2003), ડૉ. મનમોહન સિંહ (2007).

વડા પ્રધાન નરેન્દ્ર મોદી 1968માં ઇન્દિરા ગાંધી પછી ગયાનાની મુલાકાત લેનારા બીજા ભારતીય વડા પ્રધાન છે.

**ગુયાના**

ગુયાના એ દક્ષિણ અમેરિકા ખંડમાં ઉત્તર કિનારા પર આવેલો એક દેશ છે.

1969 માં, તેને યુનાઇટેડ કિંગડમથી સ્વતંત્રતા મળી, અને તે કોમનવેલ્થનું સભ્ય છે.

દેશ ક્રૂડ પેટ્રોલિયમ તેલનો અગ્રણી નિકાસકાર છે.

**રાજધાની :** જ્યોર્જટાઉન

**પ્રમુખ :** મોહમ્મદ ઈરફાન અલી

**ચલણ :** ગુયાનીઝ ડોલર

ગુયાના અન્ય ત્રણ રાષ્ટ્રોની સરહદ ધરાવે છે અને તે દક્ષિણ અમેરિકામાં ત્રીજું સૌથી નાનું રાષ્ટ્ર છે.

પૂર્વમાં સુરીનામ, દક્ષિણમાં બ્રાઝિલ અને પશ્ચિમમાં વેનેઝુએલા આવેલું છે.



ઉત્તર દિશામાં એટલાન્ટિક મહાસાગર આવેલો છે.

ગુયાના ભૌગોલિક રીતે દક્ષિણ અમેરિકા સાથે જોડાયેલ હોવા છતાં સાંસ્કૃતિક રીતે કેરેબિયન સંસ્કૃતિ સાથે વણાયેલો છે.

## ઈસરોના ઉપગ્રહ GSAT-N2નું સફળ પ્રક્ષેપણ : હવે ફ્લાઈટમાં પણ મળશે હાઈસ્પીડ ઈન્ટરનેટ

ભારતના સૌથી અદ્યતન સંચાર ઉપગ્રહ GSAT 20ને SpaceXના ફાલ્કન 9 રોકેટની મદદથી અવકાશમાં સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે.

SpaceXની માલિકી પીઢ ઉદ્યોગપતિ એલોન મસ્કની છે. આ સેટેલાઇટ અમેરિકાના ફ્લોરિડામાં કેપ કેનાવેરલથી લોન્ચ કરવામાં આવ્યો હતો.

GSAT-20 એટલે કે GSAT N-2 સેટેલાઇટ દૂરના વિસ્તારોમાં બ્રોડબેન્ડ સેવાઓ અને પેસેન્જર એરક્રાફ્ટને ફ્લાઇટમાં ઇન્ટરનેટ પ્રદાન કરશે.

હવે આંદામાન, નિકોબાર અને લક્ષદ્વીપ જેવા દૂરના પ્રદેશોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી સરળતાથી મળી શકશે.



ઈસરોના ચીફ એસ સોમનાથે જણાવ્યું હતું કે 'GSAT 20 ની મિશન લાઈફ 14 વર્ષ છે.

માલિકી અને સંચાલન: તેની માલિકી અને સંચાલન ISROની વ્યાપારી શાખા, ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિ. (NSIL) દ્વારા કરવામાં આવશે.

GSAT-N2 ઉપગ્રહને સફળતાપૂર્વક જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં મૂકવામાં આવ્યો હતો.

ISROના સેટેલાઇટ સેન્ટર અને લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટર દ્વારા વિકસિત GSAT-N2, 48 Gbpsની ડેટા ટ્રાન્સમિશન ક્ષમતા પ્રદાન કરે છે.

ફાલ્કન 9 પુનઃઉપયોગી શકાય તેવું, બે-તબક્કાનું રોકેટ છે જે સ્પેસએક્સ દ્વારા ડિઝાઇન અને ઉત્પાદિત કરવામાં આવ્યું છે તે વિશ્વનું પ્રથમ ઓર્બિટલ-ક્લાસ ફરીથી વાપરી શકાય તેવું રોકેટ છે, જે તેના સૌથી મોંઘા ઘટકોના પુનઃઉપયોગને સક્ષમ કરીને અવકાશ ઍક્સેસને વધુ ખર્ચ-અસરકારક બનાવે છે.

ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિ. (NSIL) ને માર્ચ 2019 માં ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસના વહીવટી નિયંત્રણ હેઠળ સંપૂર્ણ માલિકીની સરકારી કંપની તરીકે સામેલ કરવામાં આવી હતી.

## "ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ નાઈજર"



ફેડરલ રિપબ્લિક ઓફ નાઈજીરિયાના પ્રમુખ, મહામહિમ શ્રી બોલા અહેમદ ટીનુબુએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ભારત-નાઈજીરિયા સંબંધોને પ્રોત્સાહન આપવા માટે અદભૂત યોગદાન અને તેમનાં રાજનીતિક કૌશલ્ય માટે રાષ્ટ્રીય પુરસ્કાર - "ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ નાઈજર" એનાયત કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 1969 પછી આ પુરસ્કારથી સન્માનિત થનારા પ્રથમ વિદેશી નેતા છે.

કોઈપણ દેશ દ્વારા વડાપ્રધાન મોદીને આપવામાં આવેલો આ 17મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.


17 વર્ષમાં કોઈ ભારતીય વડા પ્રધાન દ્વારા પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્રની આ પ્રથમ મુલાકાત છે.

અબુજા એરપોર્ટ પર પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર' (GCON) આ પહેલા મહારાણી એલિઝાબેથને આ સન્માન મળ્યું હતું.

ડૉ. મનમોહન સિંહ ઑક્ટોબર 2007માં નાઇજિરિયાની મુલાકાતે

શ્રી નરેન્દ્ર મોદી નાઈજિરિયાની મુલાકાત લેનારા ચોથા ભારતીય વડા પ્રધાન છે- જવાહરલાલ નહેરુ (1962), અટલ બિહારી વાજપેયી (2003), ડૉ. મનમોહન સિંહ (2007).




**સંઘર્ષ ગાથા** ડી. ગુકેશ, વર્લ્ડ ચેસ ચેમ્પિયન

# ચેસ માટે માતા-પિતાને મિત્રો પાસેથી પણ મદદ માગવી પડી, હવે વર્લ્ડ ચેમ્પિયન



**ડોમ્મારાજુ ગુકેશ... દુનિયાના સૌથી યુવાન વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનીને તેમણે ઈતિહાસ રચ્યો છે.** 18 વર્ષનો ગુકેશ કારકિર્દીમાં શિખર પર રાતો-રાત પહોંચ્યો નથી. તેમાં તેની સખત મહેનત અને માતા-પિતાના સંઘર્ષનું પણ યોગદાન છે. ચેન્નઈના આ યુવાને ચેસ માટે પોતાનાં અનેક સ્વપ્નો સાથે સમાધાન કર્યું છે. ચાલો જાણીએ તેમના જીવન અંગે...

## જીતની તકો ગુમાવી... 2018માં અનેક ઉતાર-ચઢાવ આવ્યા

વર્ષ 2018માં એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં પાંચ ગોલ્ડ જીતીને ગુકેશ પ્રથમવાર ચર્ચામાં આવ્યો. ત્યાર પછી અંડર-12 વર્લ્ડ યુથ ચેસ ચેમ્પિયનશિપ જીતી. જોકે, ત્યાર પછી તેની ગેમ ધીમી પડી ગઈ. 2018માં તેણે જીતની અનેક તકો ગુમાવી. તાજેતરમાં જ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપથી પહેલા પણ કાર્લસને ગુકેશની રમત સામે સવાલો પુછ્યા હતા. જોકે, ગુકેશે માત્ર પોતાની રમત પર ફોકસ કર્યું.

## સફળતાનો યુગ... પછી દેશનો ટોપ રેન્કનો ખેલાડી બન્યો


વર્ષ 2019માં માત્ર 12 વર્ષનો ગુકેશ ભારતનો સૌથી યુવાન ગ્રાન્ડમાસ્ટર બની ગયો. જોકે, વર્લ્ડ રેકોર્ડ તોડવાથી માત્ર 17 દિવસ ચૂકી ગયો. પાંચ વારના વર્લ્ડ ચેમ્પિયન રહેલા મેગ્નસ કાર્લસનને ઓક્ટોબર-2022માં હરાવીને તેણે દુનિયાને ચોંકાવી દીધી. 2023માં તે વિશ્વનાથન આનંદને પાછળ રાખીને ભારતનો ટોપ રેન્કિંગ ખેલાડી બની ગયો અને હવે 12 ડિસેમ્બરે ડિંગ લિરેનને હરાવી સૌથી યુવાન વર્લ્ડ ચેમ્પિયન બન્યો છે.

## સંઘર્ષનો યુગ: રમવા માટે પૈસા ન હતા, મિત્રોની મદદ લેવી પડી

**ગુકેશનો** જન્મ ચેન્નઈમાં થયો હતો. પિતા રજનીકાંત નાક-કાન-ગળાના વિશેષજ્ઞ ડોક્ટર છે અને માતા માઈક્રોબાયોલોજિસ્ટ છે. જોકે, પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હતી. ગુકેશની પ્રતિભાને તેમના કોચે નાની વયે ઓળખી લીધી હતી. ગુકેશને ક્રિકેટ ગમતું હતું, પરંતુ પછી ચેસ પસંદ કર્યા બાદ તેના પર ફોકસ શરૂ કર્યું. ચેસ ટૂર્નામેન્ટ્સ માટે ઘણી મુસાફરી કરવી પડે છે. જે થકવી નાખનારી અને ખર્ચાળ હોય છે. ગુકેશની કારકિર્દી માટે પિતાએ 2018માં પોતાનું ક્લિનીક બંધ કરી દીધું. આ દરમિયાન ગુકેશ માટે તેમને મિત્રો પાસેથી પણ પૈસા ઉધાર લેવા પડ્યા હતા. -1 મિનિટ રીડ

# PUZZLE





# SPELLING WORD SEARCH

| | |
|---|---|
| VOLLEYBALL | VIEW |
| ABOVE | INVITE |
| LEVEL | DRIVE |
| FORGIVE | VIOLIN |
| BRAVE | SERVE |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| S | E | R | V | E | W | O | E | U | Q |
| P | V | I | E | W | N | U | C | S | G |
| U | F | O | R | G | I | V | E | T | V |
| X | V | I | N | V | I | T | E | D | I |
| G | G | L | A | B | O | V | E | R | O |
| S | B | R | A | V | E | U | F | I | L |
| W | M | R | D | G | Y | Z | P | V | I |
| H | P | Y | I | E | Q | Y | A | E | N |
| S | G | T | L | E | V | E | L | E | F |
| V | O | L | L | E | Y | B | A | L | L |

# PRARTHANA SABHA















# PRARTHANA SABHA













# FRANKFINN INSTITUTE OF AIR HOSTESS TRAININIG















# WORLD AIDS DAY
















# CHRISTMAS CELEBRATION















# CHRISTMAS CELEBRATION

















# CHRISTMAS CELEBRATION














# COLOURS DAY

## PRIMARY SECTION
## CHRISTMAS CELEBRATION


















# COLOURS DAY

## PRIMARY SECTION
## CHRISTMAS CELEBRATION









# FRUITS DAY

STD 1 TO 4

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION













# FRUITS DAY

STD 1 TO 4

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION














# FRUITS DAY

**STD 5 TO 7**

**PRIMARY SECTION**
**CHRISTMAS CELEBRATION**


















# FRUITS DAY

STD 5 TO 7

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION














# JUICE DAY

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION
















# JUICE DAY















# QUIZ



















# QUIZ

## PRIMARY SECTION CHRISTMAS CELEBRATION

















# VASANA DAY

## PRIMARY SECTION
## CHRISTMAS CELEBRATION

















# VASANA DAY

## PRIMARY SECTION
## CHRISTMAS CELEBRATION


















# FANCY DRESS

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION








# FANCY DRESS

## PRIMARY SECTION
## CHRISTMAS CELEBRATION














# FANCY DRESS

PRIMARY SECTION
CHRISTMAS CELEBRATION














# COMPETITION



### સુરેલા મલય એસ.

OPEN GUJARAT DANCE COMPETITION
BEST WISHES AWARD
**પ્રોત્સાહન એવોર્ડ મળેલ છે.**




### ડોબરીયા દેવ જી.

**રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા આયોજીત ''બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૪–૨૫'' રાજકોટ કક્ષાએ દોહા, છેદ, ચોપાઈમાં દ્વિતિય સ્થાન પ્રાત કરેલ છે.**




### ગરાછ મહેક પી.

**ભારતીય સાંસ્કૃતિક જ્ઞાન પરિક્ષા
જિલ્લાકક્ષાએ દ્વિતિય નંબર મેળવેલ છે.
તે બદલ અભિનંદન**

# COMPETITION



**ગોંડલીયા માહી આર.**

રામકૃષ્ણ આશ્રમ દ્વારા આયોજીત વેશભૂષા સ્પર્ધામાં ગોંડલીયા માહી આર. તૃતીય સ્થાન મેળવેલ છે



**શેખલીયા આર્યન એમ.**

રામકૃષ્ણ આશ્રમ દ્વારા આયોજીત વેશભૂષા સ્પર્ધામાં શેખલીયા આર્યન એમ. પાંચમું સ્થાન મેળવેલ છે

# પંચશીલ સ્કૂલ



ઉપરના સોશિયલ મીડિયા આઈકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ